# શહેરમાં ૧૬ ટ્યુશન કલાસીસ સીલ

## હોસ્ટેલ અને બે લાઈબ્રેરી એક લેબોરેટરી તેમજ એક બેંકને નોટીસ આપવામાં આવી : અન્ય ૩૫ હોસ્પિટલોને નોટીસ

ગાંધીનગર તા ૨૭

સુરતની ઘટના બાદ શહેરમાં સલામતીના પરિબળો ચકાસવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. આજે પણ મ્યુનિ તંત્ર દ્વારા ૮૮ જેટલા સ્થળોએ તપાસ કરવામાં આવી હતી. આ પૈકી ૧૬ ટયુશન કલાસીસને સીલ કરી દેવાયા હતા. જયારે અન્ય કીસ્સામાં નોટીસ આપવામાં આવી હતી. જેમાં હોસ્પિટલ, બેંક તેમજ લાઈબ્રેરી સહીત અન્ય કોમ્પલેક્ષનો સમાવેશ થાય છે.

સુરતની ઘટના બાદ ફાયર સેફટીને અનુલક્ષી જાગૃત થયેલા તંત્ર દ્વારા શહેરના વિવિધ ઠેકાણે ફાયર સેફટીના પરિબળોને ધ્યાને લઈ તપાસ હાથ ધરવામાં આવી છે. આ અભિયાન અન્વયે મ્યુનિ તંત્રની ટીમે આજે શહેરમાં ૮૮ જેટલા સ્થળોએ તપાસ કરી હતી. જેમાં ૧૬ ટયુશન કલાસ, શૈક્ષણિક સંસ્થા ૪, હોસ્પિટલ ૪૧, હોટલ રેસ્ટરોરન્ટ, ગેસ્ટહાઉસ, ૧ અન્ય હોસ્ટેલ ૧૬ તેમજ લાઈબ્રેરી ૨અને લેબોરેટરી ૧, બેંક ૧ અને અર્ધસરકારી કચેરી ૧ કોલેજ સંકુલ, મેરેજ હોલમાં પણ તપાસ કરવામાં આવી હતી. તંત્રની વિવિધ ૬ ટીમોએ સ્થળ પર સલામતીના પરિબળો ચકાસવા માટે સર્વે કર્યો હતો. જયારે આ દરમિયાન ક્ષતિઓવાળી મિલ્કતોમાં ટયુશનના વર્ગો ૧૬, શૈક્ષણિક સંસ્થા ૪ હોસ્પિટલ ૩૫, હોટલ ગેસ્ટહાઉસ અને રેસ્ટોરન્ટ ૧ અને અન્ય ૧૬ હોસ્ટેલ તેમજ ૨ લાઈબ્રેરીમાં ક્ષતિ માલુમ પડી હતી. જયારે આ મિલ્કતોમાં ક્ષિત માલુમ પડતા ૧૬ ટયુશન કલાસીસોને શીલ મારવામાં આવ્યા છે.આ ઉપરાંત ૪ શૈક્ષણિક સંસ્થાઆ ૩૫ હોસ્પિટલ હોટલ રેસ્ટોરન્ટ અને એક ગેસ્ટ હાઉસને નોટીસ આપવામાં આવી છે. જયારે ૧૬ હોસ્ટેલ અને બે લાઈબ્રેરી એક લેબોરેટરી તેમજ એક બેંકને નોટીસ આપવામાં આવી છે.



## હાર્દિક અભિનંદન



**મીર સુજનબેન પ્રવિણભાઈ**

માર્ચ-૨૦૧૯માં લેવાયેલ ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા બી-૧ ગ્રેડમાં પાસ કરી સમાજનું ગૌરવ વધારવા બદલ હાર્દિક અભિનંદન...

**મીર પ્રવિણભાઈ એ.**
**મીર જરીનાબેન પી.**
**મીર વસંતભાઈ બી.**
**મીર સોનલબેન વી.**

# શહેરમાં પારો ૪૩.૨ ડીગ્રીએ પહોંચ્યો

## ગરમીએ ફરી ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ : વળતા ઉનાળે આક્રમક ગરમીની સાથે બફારો અનુભવતા શહેરીજનો તોબા

ગાંધીનગર તા ૨૭

શહેરમાં ગરમીએ આજે હદ વટાવી હતી. આજે ગરમીનો પારો ૪૩.૨ ડીગ્રીએ પહોંચી જતા નગરજનોએ અસહ્ય ગરમી વેઠવાનો વારો આવ્યો છે.ગઈકાલે પણ ગરમીનો પારો વધીને ૪૨.૫ ડીગ્રી પહોંચી ગયો હતો. જયારે આજે પણ મહત્તમ તાપમાન ઉંચે જતા નગરજનોએ આક્રમક હીટવેવની અસર અનુભવી હતી.

શહેરમાં છેલ્લા આઠ દિવસથી ગરમીનો પારો ૪૨ ડીગ્રીની આસપાસ જ રહે છે. જયારે સતત ગરમીના લીધે શહેરીજનો અંગ દઝાડતી ગરમીથી બેચેન બની ગયા છે. આજે ગરમીએ હદ વટાવી હતી. અગાઉ સિઝનની રેકર્ડ બ્રેક ગરમી ૪૪.૧ ડીગ્રી નોંધાઈ હતી જયારે આજે પણ ગરમીનો પારો ૪૩.૨ ડીગ્રી પહોંચી જતા ગરમીનુ રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યુ હતુ. જેના લીધે દિવસ દરમિયાન નગરજનો ગરમીથી બચવા માટે અનેક પ્રકારના નુસખા અજમાવતા જોવા મળ્યા હતા. અંગ દઝાડતી ગરમી સાથે બફારો અનુભવતા શહેરીજનો કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળ્યુ હતુ. ગરમીની અસર નગરના જનજીવન પર વર્તાઈ હતી. સવારથી જ તાપ આકરો લાગતો હતો. જયારે બપોર થતા ઘરની બહાર નિકળવાનુ મુશ્કેલ બન્યુ હતુ.

વેકેશનની સિઝન હોવાથી મોટાભાગના પરિવારજનોએ ઘરની બહાર નિકળવાનુ ટાળ્યુ હતુ. જયારે સરકારી કચેરીઓમાં પણ કર્મચારીઓએ કામ સિવાય અવરજવર કરવાનુ ટાળ્યુ હતુ. વળતા ઉનાળે ઉગ્ર બનતી ગરમીએ સૌ કોઈને તોબા પોકારી દીધા છે. જયારે રાત્રિના સમયે દિવસથી તદન વિપરિત નઝારો જોવા મળી રહ્યો છે. આક્રમક ગરમીથી બચવા માટે શહેરીજનો રાત્રિના સમયે વિશેષ લટાર મારવા નિકળે છે.

# માર્ગ અકસ્માતમાં નાગર પરિવારની આશાસ્પદ દીકરી દીશાનુ કરૂણ મૃત્યુ

## નાથીબા કોલેજના વાઇસ પ્રિન્સિપાલ અને કલ્ચરલ ફોરમના વરિષ્ઠ કારોબારી સભ્ય પ્રણવ જોષીપુરાની તેજસ્વી પુત્રીનુ માર્ગ અકસ્માતમાં મૃત્યુ : શહેરમાં ઘેરા શોકની લાગણી : પુત્ર પ્રિયમને પણ શરીરના ભાગે ગંભીર ઇજા : ઘ -૧ સર્કલ પાસે કારની ટકકરથી અકસ્માત સર્જાયો

ગાંધીનગર તા ૨૭

શહેરના ઘ- ૧ સર્કલ પાસે ગઈકાલે રાત્રિના સમયે બેફામ જતા કારચાલકે એકટીવાને અડફેટે લેતા આ અકસ્માતમાં નાગર પરિવારની આશાસ્પદ દિકરીનુ દુખદ અવસાન થયુ છે. કડી કેમ્પસની નાથીબા કોલેજના વાઈસ પ્રિન્સિપાલ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના વરિષ્ટ કારોબારી સભ્ય તેમજ નાગર સમાજના અગ્રણી પ્રણવ જોષીપુરાની ૧૮ વર્ષીય પુત્રી દિશાનુ આ અકસ્માતમાં મોત નિપજતા સમગ્ર શહેરમાં શોકની લાગણી વ્યાપી જવા પામી છે.



દિશાની પાછળ બેઠેલા તેના ૧૪ વર્ષીય ભાઈ પ્રિયમને પણ શરીરના ભાગે ગંભીર ઈજા થતા હાલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. નાગર પરિવારની તેજસ્વી દિકરી દિશાના મૃત્યુથી શહેરીજનોમાં પણ ઘેરા શોકની લાગણી વ્યાપી છે.

શહેરમાં ગતિનિયંત્રણ વચ્ચે બેફામ બનતા વાહનચાલકો ગમે ત્યારે જાનલેવા અકસ્માત નોંતરે છે. ટ્રાફિક સિગ્નલ જગમગતા થયા બાદ પણ સેકટરોના માર્ગો પર માર્ગ સલામતીના નામે હજુ મીંડુ છે. ગતિ નિયંત્રણની વાત તદન વિસરાઈ ગઈ છે. જેના લીધે અનેક નિર્દોષો બેફામ દોડતા વાહનોની ટક્કરે અકસ્માતનો ભોગ બને છે. ગઈકાલે રાત્રિના ૯ઃ ૪૫ કલાકે પણ આવો જ એક બનાવ શહેરના ગ માર્ગ પર બન્યો હતો. સે-૭ ડી માં પ્લોટ નં -૧૩૫૩ : ૨ માં રહેતા પ્રણવ પ્રબોધચંદ્ર જોષીપુરા સે-૨૩ સ્થિત કડી કોલેજમાં પ્રોફેસર તરીકે નોકરી કરે છે. ગઈકાલે તેમની દિકરી દીશા ઉ.વ૧૮ ગઈકાલે રાત્રિના તેના ભાઈ પ્રિયમને એકટીવા નં જી જે ૧૮ સી બી ૮૬૯૮ પાછળ બેસાડીને ઈન્ફોસીટી ઝેરોક્ષ કઢાવવા માટે ઘરેથી નિકળ્યા હતા.જયારે વળતી વેળાએ ઘરે જવા માટે ઘ-૧ સર્કલ પાસેથી પસાર થતા હતા તે દરમિયાન સ્થળ પરથી બેફામ જતી આઈ ટેન કાર નં જી જે આરઈ ૪૨૫ ના ચાલક કે ટી મેણાતે પોતાની કાર પુરઝડપે બેદરકારીપુર્વક હંકારી એક્ટિવાને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં દિશા અને પાછળ બેઠેલા પ્રિયમને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્ત ભાઈ બહેનને કારચાલકે હાઈટેક હોસ્પિટલમાં ખસેડયા હતા. બીજીતરફ ઘટનાની જાણ ઈજાગ્રસ્ત દિશા અને પ્રિયમની માતા શ્રધ્ધાને થતા પ્રો પ્રણવ જોષીપુરા

● અનુસંધાન પાન-૭ પર

### આર્કિટેક્ટની જયુરીની ઝેરોક્ષમાં જીવન અદશ્ય

આર્કિટેકટમાં અભ્યાસ કરતી દિશા સેકન્ડ સેમેસ્ટરની ફાઈનલ જ્યુરીને અનુલક્ષી જરૂરી કાગળોની ઝેરોક્ષ કઢાવવા માટે ભાઈ સાથે ઈન્ફોસીટી ગઈ હતી. પરંતુ આજે કોલેજમાં રજુ કરવાની જયુરીની તૈયારીમાં મસ્ત અને વ્યસ્ત તેજસ્વી દિશાના અણધારો આ આ અકસ્માત તેના જીવનની ફાઈનલ જયુરી બની ગયો હતો.

### આજે સવારે ૯ : ૩૦ કલાકે અંતિમયાત્રા

નાથીબા કોલેજના વાઈસ પ્રિન્સિપાલ તેમજ કલ્ચરલ ફોરમના વરિષ્ઠ કારોબારી સભ્ય પ્રણવ જોષીપુરાની દિકરી દિશાનુ માર્ગ અકસ્માતમાં દુખદ અવસાન થતા સમગ્ર શહેરમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે. મૃતક દિશાની અંતિકયાત્રા આજે સવારે ૯ : ૩૦ કલાકે તેમના સે -૭ ડી સ્થિત નિવાસ સ્થાન પ્લોટ નં -૧૩૫૩ : ૨ ખાતેથી નિકળશે.






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com